| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.03/0૭/૨૦૨૧ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૧૮૯/૨૦૨૧**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૨/0૭/૨૦૨૧ કલાક 00/00 થી કલાક ૨૪/00 સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૫૮૬ | ૬ | ૧૧૫૯૨ | ૧૭૬૯૭ | ૬ | ૧૭૭03 |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૨૯ | 0 | ૪૭૨૯ | ૬૨૬૪ | 0 | ૬૨૬૪ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૯૫ | 0 | ૯૫ | ૩૪0 | 0 | ૩૪0 |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૬૧૮૫૯ | ૨૯૪ | ૬૨૧૫૩ | ૬૨૪૨૯ | ૨૯૮ | ૬૨૭૨૭ |
| કુલ | | ૭૮૨૬૯ | ૩00 | ૭૮૫૬૯ | ૮૬૭30 | ૩0૪ | ૮૭0૩૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૯૮ | ૩,૪૯,૮૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૨૩૪ | ૨૨,૩૪,૦૦૦/- |

## <u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૧૯૦/૨૦૨૧</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૧ કેસ કરી, ૬૯ વ્યક્તિઓને ઝડપી, ૨૮૪ લીટર દેશી દારૂ, ૪૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૦,૫૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## <u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૧૯૧/૨૦૨૧</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૭૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## <u>છેતરપીંડીની ફરીયાદઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૧૯૨/૨૦૨૧</u>

**નિકોલઃ** ચિરાગભાઈ હસમુખભાઈ ઠકકર (ઉ.વ.૪૯)(રહે.પુષ્કર બંગ્લોઝ, ઈતિહાસ બંગ્લોઝની બાજુમાં નિકોલ) ના પુત્ર એમબીબીએસ નો અભ્યાસ કરતા હતા અને પોષ્ટ ગ્રેજ્યુએટ માટે નીટની પરીક્ષા આપવી જરૂરી હતી. તા.૧૬/૦૭/૨૦૨૦ ના રોજ મોબાઈલ નંબર ૮૭૫૮૬૪૩૭૭૪ ના ધારક ડૉ. જય ગોપાલદાસ ગોવાણી (રહે.હરિદ્વાર એપાર્ટમેન્ટ, મવડીચોક, રાજકોટ) એ ચિરાગભાઈ ઠક્કરને ફોન કરી તેમના પુત્રને નજીકમાં સારી કોલેજમાં એડમિશન અપાવવાની વાત કરતા ચિરાગભાઈ તેમની વાતોમાં ભોળવાઈ જઈ એડમિશન માટે રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- નક્કી કરી માહે જાન્યુઆરી/૨૦૨૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન તેમના ખાતામાં રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- ભરાવડાવી મેળવી લઇ એડમિશન નહી કરાવી પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ અંગેની ફરીયાદ ચિરાગભાઈ ઠક્કરે તા.૦૨/૦૭/૨૦૨૧ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

**શહેરકોટડાઃ** અનંતકુમાર અશોકકુમાર ગુપ્તા (ઉ.વ.૩૬) (રહે.રાવજીભાઇ ટાવર મણીનગર) એ તા.૦૨/૦૭/૨૦૨૧ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૬/૨૦૨૧ થી તા.૧૪/૦૬/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન નરોડા રોડ ફ્રૂટ માર્કેટ પાસે આવેલ એસ.બી.આઇ.બેંક ખાતે બે અજાણ્યા પુરૂષોએ ભેગા મળી એસ.બી.આઇ.બેંકના સી.ડી.એમ.મશીનમાં છેડછાડ કરી અલગ-અલગ કાર્ડથી કુલ રૂપિયા ૩૯,૬૦૦/- કાઢી લઇ છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આઇ.ચૌધરી ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૯૩/૨૦૨૧</u>**

**ખોખરાઃ** સુર્યનારાયણ રામનવલ તીવારી (રહે. પુષ્કર હીલ જાનવી રેસીડેન્સીની બાજુમાં વટવા જી.આઇ.ડી.સી.) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૭/૨૦૨૧ રાતના ૯/૦૦ થી તા.૦૨/૦૭/૨૦૨૧ કલાક ૨/૧૫ વાગ્યા દરમ્યાન ખોખરા હરીઓમ હિન્દી હાઇસ્કુલની બાજુમાં નામદાર ભુવનની ચાલી ખાતે આવેલ "દેવી ઇલેક્ટ્રોનીક્સ" નામની પોતાની દુકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી દુકાનમાંથી એલ.ઇ.ડી.સ્માર્ટ ટીવી. નંગ-૩, જ્યુસર મીક્ષર નંગ-૧, હેન્ડ ગ્રાઇન્ડર નંગ-૧, સિલીંગ ફેન નંગ-૧, ટેબલ ફેન નંગ-૧ અને રોકડ રૂપિયા ૨,૫૦૦/- મળી કુલ રૂપિયા ૬૯,૮૫૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.હડીયા ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૯૪/૨૦૨૧</u>**

**કાગડાપીઠઃ** દિનેશભાઇ રમણલાલ દાતણીયા (ઉ.વ.૫૮)(રહે.પ્રવિણ કોલોની, રૂપચાંદની સ્ટુડીયો પાછળ, ઇસનપુર) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૭/૨૦૨૧ ના રોજ કડીથી અમદાવાદ એસ.ટી.બસ સ્ટેન્ડ સુધીની એસ.ટી.બસ અને રિક્ષાની મુસાફરી દરમ્યાન અજાણી વ્યક્તિએ પોતાની બેગમાંથી સોનાની મગમાળા અને સોનાની ચેઇન મળી કિમત રૂપિયા ૧,૦૭,૦૦૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પોસઇશ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

**<u>સોનાનુ મંગળસુત્ર ખેચી તોડી લઈ ગયોઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૯૫/૨૦૨૧</u>**

**નરોડાઃ** નિશાંતભાઇ ભરતભાઇ દામાણી (ઉ.વ.૨૮) (રહે.અવધપુરી સોસાયટી, માનસરોવર ફ્લેટ સામે ગેલેક્ષી સીનેમા પાછળ નરોડા) તા.૦૨/૦૭/૨૦૨૧ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે નરોડા દહેગામ સર્કલથી નરોડા ગામ હંસપુરા બસ સ્ટેન્ડ સામેથી મોટર સાયકલ પાછળ પત્નીને બેસાડી પસાર થઇ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ નિશાંતભાઇની પત્નીના ગળામાંથી સોનાનું મંગળસુત્ર કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી ઝુટવી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ નિશાંતભાઇ દામાણીએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.કામળીયા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૯૬/૨૦૨૧</u>**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** રાકેશભાઈ શંકરભાઈ પરમાર (ઉ.વ.૩૨) (રહે. મોહન દરજીની ચાલી એ.એમ.ટી.એસ વર્કશોપ પાછળ પંડિત નહેરૂ સ્કુલની બાજુમાં બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૭/૨૦૨૧ કલાક ૭/૧૫ વાગ્યા પહેલા જમાલપુર બ્રિજ સપ્તઋષીના આરા પાસે રીવરફ્રન્ટ વોક-વે નજીક નદીમા ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જગદીશચન્દ્ર આત્મારામ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** પરેશકુમાર સોમાભાઇ પટેલ (ઉ.વ.૪૨)(રહે.સિધ્ધીવિનયક રેસીડેન્સી, સેંટમેરી સ્કુલની બાજુમાં, આદિશ્વરનગર નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૭/૨૦૨૧ રાતના ૧૧/૫૦ વાગે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર મણીલાલ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** છગનભાઇ રઘુભાઇ ગોહીલ (ઉ.વ.૫૬) (રહે.અમૃતાનગર ભવાનીનગર વિભાગ-૨ સામે, યશ પાન પાર્લરની ગલીમા, અમરાઇવાડી) એ બિમારીથી કંટાળી તા.૦૨/૦૭/૨૦૨૧ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી નવનીતભાઇ નરોતમભાઇ ચલાવે છે.

**દાણીલીમડાઃ** મેહમુદભાઇ અલાઉદ્દીનભાઇ શેખ (ઉ.વ.૫૨) (રહે. સાઇડ એન્ડ સર્વીસના છાપરાં દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશભાઇ ભીમાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી